**<u>અસ્વીકરણ:</u>** સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઇ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

**<u>DISCLAIMER:</u>** The translated judgment in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/ her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgment shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.

---

**અમદાવાદ ખાતે ગુજરાત ઉચ્ચ ન્યાયાલયમાં**

**ક્રિમિનલ અપીલ નં.૧૦૨૨/૧૯૯૩**

**વિથ**

**ક્રિમિનલ અપીલ નં.૧૦૩૩/૧૯૯૩**

**મંજૂરી અને સહી માટે:**

**માનનીય ન્યાયમૂર્તિ શ્રી એસ. જી. શાહ**

==========================================================

| | |
|---|---|
| ૧ | શું સ્થાનિક અખબારોના રીપોર્ટર્સને ચુકાદો જોવાની મંજૂરી છે? |
| ૨ | રીપોર્ટરને મોકલવામાં આવે કે નહીં? |
| ૩ | શું ન્યાયમૂર્તિઓ ચુકાદાની આખરી નકલ જોવા માંગે છે? |
| ૪ | શું આ કેસમાં ભારતીય બંધારણ અથવા તે હેઠળ કરવામાં આવેલા કોઈ હુકમના અર્થઘટન અંગે કાયદાનો કોઈ નોંધપાત્ર પ્રશ્ન સમાયેલ છે? |
| ૫ | શું સિવિલ જજને પરિપત્રિત કરવામાં આવે કે કેમ? |

==========================================================

શાંતાબેન એસ દવે મૃતક, તેમના વારસદાર અને કાયદેસરના પ્રતિનિધિ

દ્બારા....અપીલકર્તા(ઓ)

વિરુદ્ધ

ગુજરાત રાજ્ય....સામાવાળા(ઓ)/સામાવાળા(ઓ)

==========================================================

ઉપસ્થિતિ:

શ્રી કે.બી. આણંદજીવાલા, વકીલ, અપીલકર્તા(ઓ) નં. ૧ – ૧.૧ તરફે

સુશ્રી જીરગા ઝવેરી, એ.પી.પી., સામાવાળા(ઓ)/સામાવાળા(ઓ) નં. ૧ તરફે

==================================================

**કોરમ: માનનીય ન્યાયમૂર્તિ શ્રી એસ. જી. શાહ**

**તારીખ : ૨૮/૧૧/૨૦૧૪**

**સી.એ.વી. સામાન્ય ચુકાદો**

અપીલકર્તાઓ તરફે વિદ્વાન વકીલ શ્રી કે.બી. આણંદજીવાળા અને સામાવાળા – રાજ્ય તરફે વિદ્વાન એ.પી.પી. સુશ્રી ઝવેરીને સાંભળ્યા.

૨ અપીલકર્તાઓને સિટી સત્ર અદાલત, અમદાવાદના વિદ્વાન સ્પેશિયલ ન્યાયાધીશ દ્વારા સ્પેશિયલ કેસ નં. ૧૨/૧૯૯૩ માં તારીખ ૩૦/૭/૧૯૯૩ ના રોજ આપવામાં આવેલ પડકાર હેઠળના ચુકાદા અને હુકમથી દોષિત ઠેરવવામાં આવ્યા છે. ક્રિમિનલ અપીલ નં. ૧૦૨૨/૧૯૯૩ ના અપીલકર્તા –

આરોપી નં. ૧, શાંતાબેન શરદકુમાર દવેને ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમની [જેને હવે પછી 'અધિનિયમ' તરીકે ઓળખવામાં આવશે] કલમ ૧૫ હેઠળ, અધિનિયમની કલમ ૧૩[૧][ડી][i][ii] હેઠળનો ગુનો કરવાનો પ્રયાસ કરવા બદલ દોષિત ઠેરવવામાં આવ્યા છે અને બે વર્ષના સમયગાળા માટે સાદી કેદ [એસ.આઈ.] ભોગવવાની અને રૂ.૫૦૦/– નો દંડ ભરવાની, અને દંડ ન ભરે તો, વધુ બે મહિનાના સમયગાળા માટે સાદી કેદ [એસ.આઈ.] ભોગવવાની સજા ફટકારવામાં આવી છે. જોકે, તેમને અધિનિયમની કલમ ૧૩[૧][ડી][i][ii] અને ૧૩[૨] હેઠળના ગુનાઓમાંથી નિર્દોષ છોડી મૂકવામાં આવ્યા છે. જ્યારે ક્રિમિનલ અપીલ નં. ૧૦૩૩/૧૯૯૩ ના અપીલકર્તા – આરોપી નં. ૨, ઝાહિદ હુસૈન મોહમદહુસૈન શેખને અધિનિયમની કલમ ૧૨ હેઠળના શિક્ષાપાત્ર ગુના માટે દોષિત ઠેરવવામાં આવ્યા છે અને બે વર્ષના સમયગાળા માટે સાદી કેદ [એસ.આઈ.] ભોગવવાની અને રૂ.૫૦૦/– નો દંડ ભરવાની, અને દંડ ન ભરે તો, વધુ બે મહિનાના સમયગાળા માટે સાદી કેદ [એસ.આઈ.] ભોગવવાની સજા ફટકારવામાં આવી છે.

૩ આરોપી નં. ૧ – શાંતાબેન એસ. દવે હવે હયાત નથી કારણ કે તેમનું અવસાન થયેલ છે, પરંતુ સંબંધિત સમયે તેઓ મહિલા પોલીસ સ્ટેશનમાં પોલીસ સબ ઇન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતા હોવાથી, તેમના કાયદેસરના વારસદારોએ અપીલને રદ થવા દેવાને બદલે તેમાં આગળ કાર્યવાહી કરવાનું પસંદ કર્યું છે, એ હકીકતને ધ્યાનમાં લેતા કે જો તેઓ અપીલમાં સફળ થાય તો,

તેઓ નોકરીના લાભો મેળવવા માટે હકદાર બનશે, જે અન્યથા આવી સજાને કારણે રોકી રાખવામાં આવ્યા હતા. આથી, હાલમાં તેમની અપીલ તેમના કાયદેસરના વારસદારો દ્વારા આગળ ચલાવવામાં આવી રહી છે.

૩.૧ આરોપી નં. ૨ – જાહિદ હુસૈન શેખ વકીલાત કરતા હતા અને તેથી, તેમણે પણ વિવાદી ચુકાદાને પડકાર્યો છે. સગવડ ખાતર, ભલે તેઓ અલગ–અલગ અપીલોમાં અપીલકર્તાઓ હોય, તેમ છતાં હવેથી તેઓનો ઉલ્લેખ અનુક્રમે આરોપી નં. ૧ અને આરોપી નં. ૨ તરીકે કરવામાં આવે છે.

૪ અપીલકર્તાઓ તરફે વિદ્વાન વકીલ શ્રી આણંદજીવાલાએ પેપર બુક અને તેમના કેસની રજૂઆતોનો સંદર્ભ આપ્યો છે અને ધ્યાન દોર્યું છે કે હકીકતમાં કોઈ પણ આરોપી દ્વારા કોઈ જ માંગણી કરવામાં આવી ન હતી, પરંતુ આ કેસ શહેરના કારંજ પોલીસ સ્ટેશનના મહિલા સેલમાં કોઈક દ્વારા ગેરકાયદેસર લાંચ સ્વીકારવાની સંભાવના અંગે તપાસ અધિકારી [આઈ.ઓ.] દ્વારા કરવામાં આવેલ અનુમાનનો છે અને, તેથી, કોઈ પણ આરોપી દ્વારા કોઈ પણ ગેરકાયદેસર લાંચ માટેની કોઈ ચોક્કસ માંગણીના અભાવમાં, ફરિયાદીના ભાઈ માટે જામીન અરજી દાખલ કરવા માટે, દરોડા દરમિયાન ફરિયાદી દ્વારા આરોપી નં. ૨, જે એક વકીલ છે, તેમને તેમની કાનૂની ફી અને ખર્ચ પેટે ચૂકવવામાં આવેલી રકમને, આરોપી નં. ૧ દ્વારા ગેરકાયદેસર લાંચ તરીકે અથવા તો આરોપી નં. ૨ દ્વારા કોઈ પણ રીતે આવા કૃત્યના દુષ્પ્રેરણ તરીકે સ્વીકૃતિ ગણી

શકાય નહીં અને, તેથી, દોષસિદ્ધિનો ઠરાવ સંપૂર્ણપણે માત્ર અયોગ્ય જ નહીં, પરંતુ ગેરકાયદેસર અને લાગુ પડતા કાયદાના મૂળભૂત સિદ્ધાંતની વિરુદ્ધ છે.

૫ જો આપણે સાક્ષીઓના મૌખિક પુરાવા અને અન્ય દસ્તાવેજો તેમજ આક્ષેપિત ચુકાદા સહિતના રેકર્ડનું વાંચાણ લઈએ તો, વિદ્વાન વકીલ શ્રી આનંદજીવાળા દ્વારા કરવામાં આવેલ રજૂઆત અને દલીલમાં તથ્ય હોવાનું જણાય છે.

૬ એ બાબત સહેજ પણ વિવાદિત નથી કે, તપાસ અધિકારી અને દરોડો પાડનાર ટુકડીના સભ્યો દ્વારા એફ.આઈ.આર., પંચનામા તેમજ અન્ય પુરાવામાં સમજાવ્યા મુજબ પાડવામાં આવેલ દરોડાની વાસ્તવિક ઘટના પહેલાં, ફરિયાદી બંને આરોપીઓમાંથી કોઈને પણ ક્યારેય મળ્યા ન હતા કે તેમને ઓળખતા ન હતા.

૭ સા.પુ. નં. ૧ નિશાન ૧૩ પર ફરિયાદી કાંતિભાઈ અમૃતભાઈ ઠક્કર છે, જેમણે સ્પષ્ટ શબ્દોમાં અને તે પણ તેમની સરતપાસમાં પુષ્ટિ કરી છે કે તેમના ભાઈની ધરપકડ કારંજ પોલીસ સ્ટેશનના મહિલા સેલ દ્વારા ભારતીય દંડ સંહિતાની કલમ ૪૯૮–ક હેઠળનો ગુનો કરવા બદલ કરવામાં આવી હતી અને ૨૪ કલાકની અંદર તેમને સંબંધિત મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવાના હતા અને તેથી, તેઓ અને તેમના ભાઈ ગોવિંદભાઈ કારંજ પોલીસ સ્ટેશન ગયા હતા, જ્યાં મહિલા સેલ કાર્યરત છે, જેણે તેમના ભાઈની ધરપકડ કરી હતી અને જ્યારે તેઓ બંને પોલીસ સ્ટેશનથી થોડા અંતરે ઉભા હતા, ત્યારે એક શ્રી ચાવડા તેમને મળ્યા અને તેમને પૂછ્યું કે તેઓ ત્યાં કેમ ઉભા છે અને તેના પર તેમણે શ્રી

ચાવડાને જણાવ્યું કે તેમને કોઈ કેસ સંબંધિત કારંજ પોલીસ સ્ટેશનમાં થોડું કામ છે. ત્યારબાદ, શ્રી ચાવડા, જેમની ઓળખ પોલીસ ઇન્સ્પેક્ટર તરીકે થઈ હતી, તેમણે તેમને જણાવ્યું કે તેમને વિશ્વસનીય માહિતી મળી છે કે ઉક્ત પોલીસ સ્ટેશનમાં એટલે કે, કારંજ પોલીસ સ્ટેશનમાં લાંચ સ્વીકારવામાં આવી રહી છે અને તેથી, તેઓ એક છટકામાં ફરિયાદીની મદદ ઇચ્છે છે. ત્યારબાદ ફરિયાદી સંમત થયા અને શ્રી ચાવડા તેમને શાહીબાગ પોલીસ સ્ટેશન લઈ ગયા જ્યાં દરોડાની તૈયારી કરવામાં આવી હતી. ત્યારબાદ, ફરિયાદી ઘટના સ્થળે પહોંચ્યા ત્યાં સુધી, જોકે તપાસ એજન્સી દ્વારા દરોડો પાડનાર ટુકડી તૈયાર કરવા માટેની સ્વીકૃતિ અંગે વિગતવાર પુરાવા છે, તે તમામ માહિતી આ તબક્કે સુસંગત નથી, કારણ કે ભલે આવા દરોડાની તૈયારી અને સફળ દરોડા અંગે સમર્થન આપતો પુરાવો હોય, દરોડા પહેલાનો અને દરોડા દરમિયાનનો પુરાવો સ્પષ્ટપણે પુષ્ટિ કરે છે કે વ્યવહારિક રીતે કોઈ માંગણી ન હતી અને હકીકતમાં, પ્રશ્ન હેઠળની રકમનો ગેરકાયદેસર લાંચ તરીકે કોઈ સ્વીકાર થયો ન હતો. આથી, જો આપણે બંને આરોપીઓના સંદર્ભમાં ઘટનાની વાસ્તવિક હકીકતની ચકાસણી કરીએ, તો તે શંકા રહિત રીતે સ્વીકૃત હકીકત છે જ્યારે ફરિયાદી દ્વારા તેમની સરતપાસમાં જણાવવામાં આવ્યું છે કે, સંપૂર્ણ તૈયારી પછી, તેઓ દરોડો પાડનાર ટુકડી સાથે અદાલતના પરિસરમાં પહોંચ્યા જ્યાં આરોપી નં. ૧ આવ્યા અને તેમને તેમના વકીલને બોલાવવા કહ્યું એટલે કે, ફરિયાદીના વકીલ જે તેમના ભાઈને જામીન પર મુક્ત કરાવવા માંગે છે. ત્યારબાદ, ફરિયાદીના ભાઈ એટલે કે, ગોવિંદભાઈ વકીલને બોલાવવા ગયા હતા. ત્યારબાદ, તેઓ આરોપી નં. ૨ ને મળ્યા અને

તેથી તેઓ બંને એટલે કે, ફરિયાદીના ભાઈ ગોવિંદભાઈ અને આરોપી નં. ૨ જે વકીલ છે, તે જગ્યાએ ગયા જ્યાં આરોપી નં. ૧ અદાલત ખંડની નજીક બેઠા હતા. હવે આ તબક્કે, ફરિયાદીનું એકમાત્ર નિવેદન એ મતલબનું છે કે આરોપી નં. ૧ એ આરોપી નં. ૨ ને કંઈક કહ્યું છે અને તેથી, આરોપી નં. ૨ ફરિયાદી પાસે આવ્યા અને પૂછ્યું કે શું તમે પૈસા લાવ્યા છો અને જ્યારે તેમણે હકારમાં જવાબ આપ્યો, ત્યારે તેઓ બધા આરોપી નં. ૧ સમક્ષ ગયા જ્યાં તેમણે આરોપી નં. ૨ ને રકમ ચૂકવી. તે સમયે, ઈશારાના કારણે, દરોડો પાડનાર ટુકડી આવી હતી અને બંને આરોપીઓને પાવડરવાળી ચલણી નોટો સાથે પકડી પાડ્યા હતા અને પુષ્ટિ કરી કે જે ચલણી નોટો દરોડા માટે વાપરવાની હતી, તે આરોપી નં. ૨ પાસેથી મળી આવી છે, કારણ કે આવી નોટો પર તેમજ આરોપી નં. ૨ ના હાથ, કપડાં વગેરે પર એન્થ્રેસીન પાવડરની હાજરીની પુષ્ટિ થઈ છે. જો આપણે પુરાવાના આ ભાગની યોગ્ય રીતે ચકાસણી કરીએ, તો તે એકદમ સ્પષ્ટ થઈ જાય છે કે ફરિયાદી તેમને અદાલત સંકુલમાં મળ્યા તે પહેલાં કોઈપણ આરોપી દ્વારા કોઈ માંગણી કરવામાં આવી ન હતી, જ્યાં સામાન્ય રીતે, વકીલો તેમના અસીલોને તેમની વ્યાવસાયિક સેવાઓ પૂરી પાડવા માટે તેમની કાયદેસરની ફી અને ખર્ચ સ્વીકારતા હોય છે. તેથી, માત્ર એટલા માટે કે વકીલે તે સમયે ફરિયાદી પાસેથી તેમના ભાઈને જામીન પર મુક્ત કરાવવા માટે રૂ. ૫૦૦/- ની રકમ સ્વીકારી છે, તો પક્ષકારો સાથે પૂર્વ મુલાકાત અથવા સંબંધિત સમયે ચોક્કસ માંગણી અંગેના કોઈ ચોક્કસ પુરાવાના અભાવમાં, એ પુષ્ટિ કરવા માટે કે આવી માંગણી આરોપી નં. ૧ - એક પોલીસ અધિકારીને ચૂકવવાપાત્ર ગેરકાયદેસર

લાંચ, જો કોઈ હોય તો, તે માટે હતી. એ વાતને અવગણી શકાય નહીં કે ધરપકડ પછી, જ્યારે આરોપીને ૨૪ કલાકની અંદર મેજિસ્ટ્રેટ સમક્ષ લાવવાનો હોય, ત્યારે આવા પોલીસ અધિકારી માટે લાંચ પેટે કોઈ રકમ સ્વીકારીને ફરિયાદી પર ઉપકાર કરવા માટે કોઈ કૃત્ય બાકી રહેતું નથી, કારણ કે ફરિયાદીના ભાઈ, જે ફોજદારી ગુનાના આરોપી છે, તેમને પહેલેથી જ અદાલત સમક્ષ લાવવામાં આવ્યા હતા અને, તેથી, હવે જામીન માટે અરજી કરવાની વ્યવસ્થા કરવી તે ફરિયાદી અથવા તેમના ભાઈ, જેમની ધરપકડ કરવામાં આવી છે, તેમનું કાર્ય અને ફરજ હતી અને જામીન માટે અરજી કરતી વખતે, અન્યથા પણ જે અધિકારી આરોપીને અદાલત સમક્ષ લાવ્યા હોય તેમને જાણ કરવી જરૂરી છે. તેથી, જો આવા કોઈ હેતુ માટે, કોઈ વકીલ તેની કાયદેસરની ફી માટે રકમ સ્વીકારે, તો માત્ર એટલા માટે કે વકીલ અને તપાસ અધિકારીએ વાત કરી હતી, વકીલ દ્વારા કરવામાં આવેલી માંગણી પોલીસ અધિકારી માટે પણ ગેરકાયદેસર લાંચ તરીકે સાબિત થાય છે એમ કહી શકાય નહીં.

૮ ઉપર્યુક્ત ચર્ચાને ધ્યાનમાં લેતા, ફરિયાદીની બાકીની હકીકત કે પાવડરવાળી ચલણી નોટોની ખાતરી માટે પરીક્ષણ કેવી રીતે કરવામાં આવ્યું હતું, તે બિલકુલ મહત્વની નથી. તેવી જ રીતે, પંચ સાક્ષીઓ તેમજ પોલીસ સાક્ષીઓ, તેઓ ફરિયાદ પક્ષના કેસને સમર્થન આપે છે કે નહીં તે હકીકતને ધ્યાનમાં લીધા વિના, વધુ મહત્વના નથી. તેવી જ રીતે, રેકર્ડ પરના દસ્તાવેજી પુરાવા કે જે દરોડાની પુષ્ટિ કરે છે તે સાબિત થયા હોવા છતાં, રકમની માંગણી અને સ્વીકૃતિ

ફક્ત ગેરકાયદેસર લાંચ તરીકે જ હતી અને વકીલ દ્વારા વ્યાવસાયિક ફી પેટે નહોતી તે અંગેના સ્પષ્ટ હકારાત્મક પુરાવાના અભાવમાં, તે પુરાવા મહત્વના નથી.

૯ જોકે અધિનિયમ હેઠળ અનુમાનની જોગવાઈ છે, તેમ છતાં અનુમાનના કિસ્સામાં પણ સ્થાપિત કાયદાકીય સ્થિતિ સ્પષ્ટ છે કે અનુમાન હંમેશા ખંડનપાત્ર હોય છે અને જો સામા પક્ષકાર એટલે કે, હાલના કિસ્સામાં આરોપી, પ્રથમદર્શનીય પુરાવા દ્વારા એ સમજાવવા અને સાબિત કરવા સક્ષમ હોય કે ગેરકાયદેસર લાંચ તરીકે રકમની કોઈ માંગ કે સ્વીકાર થયો નથી, તો માત્ર અનુમાન સંબંધિત જોગવાઈના કારણે, એવું ન કહી શકાય કે આરોપીને દોષિત ઠેરવવા માટે નિર્ણાયક પુરાવો છે, જેવું કે નીચલી અદાલત દ્વારા આવા વિવાદી ચુકાદાથી કરવામાં આવ્યું છે. એ પણ સ્થાપિત સ્થિતિ છે કે ફરિયાદ પક્ષના પુરાવાનું ખંડન કરતી વખતે, તેમજ અનુમાનની કલમને આકર્ષતા પુરાવાનું ખંડન કરવા માટે, આરોપીએ પોતાનો કેસ શંકાથી પર, વિશ્વસનીય અને સબળ પુરાવા સાથે સાબિત કરવાની જરૂર નથી, પરંતુ જો તે ફરિયાદ પક્ષની હકીકત વિરુદ્ધ પ્રથમદર્શનીય પુરાવા દ્વારા શંકા ઊભી કરવા સક્ષમ હોય, તો અનુમાનની કલમ ફરિયાદ પક્ષને માત્ર આવા અનુમાનના આધારે દોષસિદ્ધિને પાકી કરવા માટે મદદ કરશે નહીં. હાલના કિસ્સામાં, પુનરાવર્તનના ભોગે પણ, અહીં એ યાદ કરવું રહ્યું કે કોઈ પણ સમયે ફરિયાદીનો એવો કોઈ પુરાવો કે કેસ નથી કે તે દરોડા પહેલાં આરોપીને મળ્યો હતો અથવા તે દરોડા પહેલાં આરોપીને જાણતો

હતો અને આરોપીઓએ ફરિયાદીને કોઈ અયોગ્ય લાભ આપવા માટે અથવા તો તેમની કાયદેસરની ફરજ બજાવવા માટે કોઈ ચોક્કસ કૃત્ય કરવા અથવા કરવાનું ટાળવા માટે ગેરકાયદેસર લાંચની માંગ કરી હતી. ફરિયાદીનો એવો પણ કેસ નથી કે ગેરકાયદેસર લાંચ માટે કોઈ પણ રીતે કોઈ ચોક્કસ માંગ હતી, સિવાય કે એ નિવેદન કે જ્યારે આરોપી નં. ૨ એ ફરિયાદીના ભાઈને જામીન પર મુક્ત કરાવવા માટેની કાર્યવાહી શરૂ કરવા માટે રકમ માંગી, ત્યારે આરોપી નં. ૧ અને ૨ વચ્ચે વાતચીત થઈ હતી. એટલું કહેવું પૂરતું છે કે આવી વાતચીત એફ.આઈ.આર. નંબર, જે કલમો હેઠળ આરોપી સામે ગુનો નોંધાયો છે, વગેરે જેવી કોઈ માહિતી માટે પણ હોઈ શકે છે, પરંતુ કોઈ પણ સંજોગોમાં પુરાવાના અભાવે, એવું માની શકાય નહીં કે વાતચીત ફરિયાદી પાસેથી ગેરકાયદેસર લાંચની માંગ કરવા અને પછી તેને કોઈ લાભ આપતા પહેલાં તે સ્વીકારવા બાબતે હતી.

૧૦ ઉપર મુજબ ચર્ચા કરવાનું કારણ એ છે કે, આંક ૫ માં ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ ૩૧૩ હેઠળ વધુ નિવેદન નોંધ્યા બાદ, બંને અપીલકર્તાઓ – આરોપીઓએ પોતાના વતી એક ચોક્કસ નિવેદન આપેલ છે, જે અદાલત દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્ન કે શું તેઓ વધુ કંઈ કહેવા માંગે છે, તેના જવાબમાં લેખિત નિવેદનના સ્વરૂપમાં રજૂ કરવામાં આવ્યું છે. આમ, તે કલમ ૩૧૩ હેઠળના નિવેદનનો એક ભાગ છે. જો આપણે આવા નિવેદનનું અવલોકન કરીએ, તો તે સ્ફટિકવત્ સ્પષ્ટ થાય છે કે બંને આરોપીઓએ સ્પષ્ટપણે એવું પણ જાહેર કર્યું છે

કે તેઓ બનાવ પહેલાં ફરિયાદીને ઓળખતા ન હતા; જ્યારે આરોપી નં. ૨ એ સ્પષ્ટપણે જણાવ્યું છે કે ફરિયાદી તેમને ક્યારેય મળ્યા નથી, પરંતુ તેમના ભાઈ ગોવિંદ તેમને આગલા દિવસે મોઈન શેખ નામના અન્ય એક વકીલના સંદર્ભમાં મળ્યા હતા અને તેમના ભાઈને જામીન પર છોડાવવા માટે, તેમણે કાગળકામના ખર્ચ પેટે રૂ. ૧૫૦/– સ્વીકાર્યા હતા અને તે દિવસે તેમને ફી ચૂકવવામાં આવી ન હતી.

૧૧ બંને આરોપીઓ દ્વારા આવા ચોક્કસ નિવેદનને ધ્યાનમાં લેતા, ફરિયાદ પક્ષની ફરજ હતી કે તે આરોપી દ્વારા કરવામાં આવેલી માંગણી અંગે વિશ્વસનીય પુરાવા સાથે વ્યાજબી શંકાથી પર સાબિત કરે. તે એક સ્થાપિત કાયદાકીય સિદ્ધાંત છે કે જો કોઈ માંગણી ન હોય તો, દરોડા સમયે માત્ર દૂષિત નોટોની હાજરી વ્યક્તિને આ અધિનિયમ હેઠળ દોષિત ઠેરવવા માટે પૂરતી નથી.

૧૨ હવે માત્ર અધિનિયમની કલમ ૧૫ હેઠળના દોષિત ઠરાવવાના સંબંધમાં જ મુદ્દો બાકી રહે છે. જો કલમ ૧૫ ની જોગવાઈઓનું અવલોકન કરવામાં આવે તો, ભલે તેમાં આવા ગુનાના પ્રયાસ માટે સજાની જોગવાઈ હોય, પરંતુ મૂળભૂત બાબત એ રહે છે કે તે પ્રયાસને સાબિત કરવા માટે સબળ પુરાવો હોવો જોઈએ. પરંતુ કોઈ પણ સંજોગોમાં, જ્યારે અધિનિયમની કલમ ૧૫ હેઠળ દોષિત ઠરાવને બહાલ રાખવાનો હોય ત્યારે, અનુમાનની કલમ આકર્ષિત થશે નહીં અને તેથી માંગણી અને સ્વીકારનો પ્રયાસ થયો હતો તે વાતની પુષ્ટિ કરવા માટે યોગ્ય અને સમર્થન આપતો સબળ પુરાવો હોવો જોઈએ. ઉપર ચર્ચા કર્યા મુજબ, પ્રસ્તુત

કેસમાં, કોઈ માંગણી જ ન હતી અને જ્યારે કહેવાતી રેડ સફળ રહી, જેથી જ્યારે આરોપી નં. ૨ પાસેથી દૂષિત નોટો મળી આવી, ત્યારે ગુનો કરવાનો પ્રયાસ કરવાના આરોપનો કોઈ પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી, કારણ કે એવું બની શકે છે કે ભલે માંગણી સાબિત થઈ હોય, સ્વીકાર સમયે આરોપી સંભવિત રેડથી દૂર રહેવાનો અને અન્ય માધ્યમથી રકમ સ્વીકારવાનો પ્રયાસ કરી શકે છે. જોકે, આવો કોઈ પુરાવો નથી અને, તેથી, અધિનિયમની કલમ ૧૫ હેઠળના દોષિત ઠરાવને પણ બહાલ રાખવો યોગ્ય નથી.

૧૩ હાથ પરના રેકર્ડ અને ચુકાદાની સમગ્રતયા ચકાસણી પરથી સ્પષ્ટ થાય છે કે, દોષસિદ્ધિ અને સજાનો વિવાદી ચુકાદો અને હુકમ માત્ર ક્ષતિયુક્ત અને ગેરકાયદેસર જ નથી, પરંતુ નીચે મુજબના આધારો પર અનુચિત પણ છે :

ક] કોઈ પણ માંગણી જ નથી.

ii] આરોપીએ રકમની માંગણી કરવા માટે ફરિયાદી સાથે ક્યારેય વાત કરી ન હતી.

૩] નીચલી અદાલતે અધિનિયમની કલમ ૭ હેઠળ ગુનાના આચરણ અંગેનો મુદ્દો નં. ૨ નકારમાં નિર્ધારિત કરેલ છે.

૪] એવો કોઈ પુરાવો નથી કે જેનાથી એ પુષ્ટિ થાય કે અપીલકર્તા – આરોપીએ, એકબીજા માટે અને ફરિયાદીને સુવિધા આપવા અથવા તરફેણ કે નામરજી બતાવવા માટે, ફરિયાદી પાસેથી ગેરકાયદેસર લાંચ તરીકે અથવા કાયદેસર

મહેનતાણા સિવાય અન્યથા, રકમ સ્વીકારી હોય અથવા મેળવી હોય અથવા સ્વીકારવા કે મેળવવા માટે સંમત થયા હોય.

વી] નીચલી અદાલતે લાંચની સ્વીકૃતિ અંગેનો મુદ્દા નં. ૩ નક્કી કર્યો હોવા છતાં, એવું માન્યું છે કે અપીલકર્તાઓને અધિનિયમની કલમ ૧૫ હેઠળ સજા કરવા માટે પુરાવા છે, જોકે આરોપી નં. ૧ દ્વારા લાંચની માંગણી કે સ્વીકૃતિ અથવા માંગણી અને સ્વીકૃતિ માટેની સંમતિ સાબિત કરવા માટેની કોઈ પણ પ્રવૃત્તિ સાબિત કરવા માટે કોઈ પુરાવો ન હતો. જ્યારે, જ્યાં સુધી આરોપી નં. ૨ નો સંબંધ છે, તેના દ્વારા નાણાંનો સ્વીકાર તેની કાયદેસરની ફી પેટે હતો.

vi] હકીકતમાં ફરિયાદી આરોપી નં. ૧ ને બિલકુલ ઓળખતા ન હતા અને તેમણે આરોપી નં. ૨ ને બોલાવ્યા હતા. તેથી, ગેરકાયદેસર લાંચની કબૂલાત કે સ્વીકારનો પણ કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. ફરિયાદી દ્વારા એવું પણ સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું છે કે આરોપી નં. ૧ એ ક્યારેય રકમની માંગણી કરી નથી.

૧૪ વિદ્વાન વકીલ શ્રી આણંદજીવાળાએ એ પણ યોગ્ય રીતે ધ્યાન દોર્યું છે કે નીચલી અદાલત કદાચ પૂર્વગ્રહયુક્ત હતી, કારણ કે એવો કોઈ કાયદો નથી જે એ વાતની પુષ્ટિ કરતો હોય કે આરોપીને ૨૪ કલાક સુધી પોલીસ કસ્ટડીમાં રાખવા જોઈએ અને તેથી જો આરોપી નં. ૧ એ ફરિયાદીના ભાઈને તે જ દિવસે અદાલત સમક્ષ રજૂ કર્યા હોય, તો એવું અનુમાન કરી શકાય નહીં કે તેણે ગેરકાયદેસર લાંચની માંગણી કરી જ હશે. નીચલી અદાલત દ્વારા કરવામાં

આવેલ અન્ય અવલોકન કે જ્યારે આરોપી નં. ૧ એ આરોપીને વકીલને બોલાવવાની મંજૂરી આપી, ત્યારે તેણે લાંચ સ્વીકારી જ હશે. આ પણ લાંચની માંગણી અને સ્વીકૃતિનું અનુમાન કરવા માટે કોઈ સબળ પુરાવો કે સુસંગત સંજોગ નથી, ખાસ કરીને જ્યારે આરોપી નં. ૧ એ ક્યારેય તેની માંગણી કરી નથી કે સ્વીકાર કર્યો નથી.

૧૫ વકીલ દ્વારા કરવામાં આવેલી એ પૂછપરછ કે શું તમે પૈસા લાવ્યા છો, તે પણ ગેરકાયદેસર માંગણી સાબિત કરતું નથી, કારણ કે વકીલ પોતાની સેવાઓ આપવા બદલ પૈસા માંગવા માટે ચોક્કસપણે હકદાર છે.

૧૬ હકીકતમાં, નીચલી અદાલતે તેની સમક્ષના પુરાવાનું ખોટું વાંચન અને અર્થઘટન કર્યું છે, તેમજ બંને આરોપીઓને દોષિત ઠેરવવા માટે કાયદાની જોગવાઈઓનું પણ ખોટું અર્થઘટન કર્યું છે.

૧૭ નીચલી અદાલત દ્વારા વાસ્તવિક હકીકતને ખોટી રીતે સમજવામાં આવી છે, જ્યારે તમામ સાક્ષીઓ દ્વારા એવું જણાવવામાં આવ્યું છે કે જ્યારે ફરિયાદીએ રકમ આપવાની તૈયારી બતાવી, ત્યારે પ્રત્યક્ષ રીતે રકમ સ્વીકારવાને બદલે, આરોપી નં. ૧ એ એવો ઈશારો કર્યો હતો કે તે આરોપી નં. ૨ માટે છે અને પોતાના માટે નથી. તેથી, માત્ર એટલા માટે કે આરોપી નં. ૧ એ એવો નિર્દેશ કર્યો છે કે કાયદાકીય ફી આરોપી નં. ૨ ને ચૂકવવાની છે, એવું અનુમાન કરી શકાય નહીં કે તે તેના વતી ગેરકાયદેસર લાંચ આરોપી નં. ૨ ને ચૂકવવાનો

ઈશારો હતો. તેવી જ રીતે, નીચલી અદાલતે અવલોકન કર્યું છે તેમ, આવા કૃત્યને દુરાશયના પુરાવા તરીકે ગણી શકાય નહીં.

૧૮ સામાન્ય રીતે, પુરાવાની એકંદરે ચકાસણી પરથી એવું પ્રસ્થાપિત થતું નથી કે અપીલકર્તાઓ – આરોપીઓ વિરુદ્ધ એટલો પૂરતો અને સબળ પુરાવો છે કે જેથી તકરારી ચુકાદા દ્વારા ફરમાવવામાં આવેલી દોષસિદ્ધિને બહાલી આપી શકાય, ભલે આપણે અધિનિયમ અને પુરાવા અધિનિયમ, બંને હેઠળની અનુમાનની જોગવાઈઓને ધ્યાનમાં લઈએ તો પણ. તકરારી ચુકાદાનું વાંચન પણ ઉપરોક્ત ચર્ચાને ધ્યાનમાં લેતા એવો કોઈ વિશ્વાસ પ્રેરિત કરતું નથી કે જેથી તેને બહાલી આપી શકાય. આથી, જ્યારે ચુકાદો ટકી શકે તેમ ન હોય, ત્યારે તેવા ચુકાદા દ્વારા લાદવામાં આવેલી દોષસિદ્ધિ અને સજાને રદ કરવાનું પરિણામે છે.

૧૯ ઉપરોક્ત હકીકતો, સંજોગો અને ચર્ચાને ધ્યાનમાં લેતા, અપીલો મંજૂર કરવામાં આવે છે. તેથી આક્ષેપિત ચુકાદા દ્વારા લાદવામાં આવેલ દોષસિદ્ધિ અને સજા રદ કરવામાં આવે છે. ક્રિમિનલ અપીલ નં. ૧૦૩૩/૧૯૯૩ માં અપીલકર્તા – આરોપી નં. ૨ જામીન પર છે અને તેથી તેમનો જામીનખત રદ કરવામાં આવે છે. દંડ, જો ચૂકવવામાં આવ્યો હોય તો, અપીલકર્તાઓને પરત કરવામાં આવે.

(એસ. જી. શાહ, ન્યાયમૂર્તિ)

*The translation of this judgment has been provided by M/s Hyperlink E-Solutions Pvt. Ltd.*

---

**<u>અસ્વીકરણ</u>:** સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઇ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

**<u>DISCLAIMER:</u>** The translated judgment in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/ her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgment shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.